ગાંધીનગર સમાચાર









મૃતકોની સંખ્યામાં જિંદગીઓ ગણાઇ જાય છે,
ને પશુઓ તો હજારોની સંખ્યામાં તણાઇ જાય છે,
વણાઇ જાય છે આ રોજિંદી ઘટના તંત્ર માટે -
આફતના ઊભા પાકે 'રાહત' લણાઇ જાય છે!?




મારે ફૂંફાડા,
વેરની ધમકીના -
આતંકી સાપ!

કરે ખાયકી -
રાષ્ટ્ર તિજોરી માંથી
મફત ભથ્થાં
(સંસદ ઠપ્પ)

## ચિંતન

**વિદ્વતા વસુધાતલે વિગલિતા પાંડિત્યધર્મોગતઃ શ્રોતૃણાં હૃદયેષ્વ બુદ્ધિરધિકા જ્ઞાનં ગતં ચારણે ।**
**ગાથાગીત વિનોદ વાક્યરચના યુક્ત્યા જગદ્જિતં જ્યોતિર્વૈદ્યક ●શાસ્ત્રારંખિલં ક્ષુદ્રેષુ જાત કલૌ ॥**

વિદ્વત્તા પૃથ્વીની અંદર સમાઇ ગઇ છે અર્થાત રસાતલે ગઇ છે. શ્રોતાજનોનાં હૃદયમાં પણ હલકી બુદ્ધિ વધી ગઇ છે (અર્થાત એમને દ્વિ-અર્થી સંવાદોમાં વધારે રસ છે) ભાટ-ચારણોની જીભે સરસ્વતીનું સ્થાન હતું તે પણ હવે લુપ્ત થતું જાય છે. કથાવાર્તા, ગીત અને વિનોદનાં વાક્યો અને નાટક વગેરેમાં સાહિત્યની સમજ આપવા માટે પણ મનોરંજનની યુક્તિનો સહારો લઇ રસપાન કરાવતા મહેનત લેવી પડે છે.

તેમજ આ કળિકાળમાં જ્યોતિષ-વૈદકીય જ્ઞાન અને શાસ્ત્રોનો સાર પણ હલકા માણસોની પાસે ચાલ્યો ગયો છે.'

પરિણામે ધર્મમાં 'બાપુ'ઓ જેવા પાખંડીઓ, જ્યોતિષાચાર્યો અને વૈદ્ય-ડોક્ટર બની બેઠેલા લોકો, સામાન્ય ભોળી પ્રજાને મૂર્ખ બનાવી શોષણ કરે છે.

## સુવિચાર

- ક્રોધનો આશ્રયદાતા અહંકાર છે, અભિમાન છે. ક્રોધ પોતે દીર્ઘજીવી નથી, પણ અહંકાર તેને દીર્ઘજીવી બનાવે છે અને પછી માણસ સાન-ભાન ભૂલી જાય છે અને ન કરવાનું કરી બેસે છે. **- ધર્મસૂત્ર**
- ઘણી ઉશ્કેરણી વચ્ચે મૌન પાળવું એ ભગવાનને સૌથી વધુ ગમતી પ્રાર્થના છે- **એસ. ભટ્ટાચાર્ય**
- સાધના એ ભીતરની બાબત છે, પ્રતીતિ એ પોતાની હોવી જોઇએ... અન્યની સાધના કે અનુભવ પર સ્વપ્રતીતિનું નિર્માણ થઇ શકે નહીં, પારકા પાસે ઉછીની લીધેલી સાધના પર સ્વપ્રતીતિની ઇમારત રચી શકાય નહીં. **- સાધના સૂત્ર**
- ભક્તિમાં જેટલી સાહજિકતા વધુ એટલી એની ઊંચાઇ વધુ. એ ભક્તિમાં જ્યારે પ્રદર્શનનો ભાવ, કે અહંકાર આવે ત્યારે ભક્તિ ઈશ્વરભક્તિ બનવાને બદલે આત્મભક્તિ બની જાય છે. **- કુમારપાળ દેસાઇ**
- પોતાની આસપાસના લોકોના કલ્યાણની ઉપેક્ષા કરનાર કદી જગતકલ્યાણ કરી શકતો નથી. **- જાપાની કહેવત**
- કોઇ પણ ધર્મની પહેલી ફરજ એ છે કે તેના એકેએક ભક્તની ભૂખ મટવી જોઇએ. અન્ન એ એનો પહેલો દેવ છે. **- રાજચંદ્ર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

સુપ્રસિદ્ધ લેખક પર્લ બર્કે લખ્યું છે કે લોકો 'કેવી રીતે જીવવું જોઇએ' એનું તો ખૂબ જ ચિંતન કરે છે પણ 'શા માટે જીવવું જોઇએ' એ દૃષ્ટિકોણથી કોઇ વિચારતું નથી.

સુપ્રસિદ્ધ દાર્શનિક જાનજેનને એમના જ એક મિત્રે પૂછ્યું, તમે તો કહો છો કે આ વિશ્વ ભગવાને જ બનાવ્યું છે અને એ જ તેનું નિયંત્રણ કરે છે, તો દુનિયામાં આવી અરાજકતા-આતંક-યુદ્ધો-પાપો-દુષ્કર્મો-દુરાચારો કેમ થાય છે? અને એ કેમ થવા દે છે? શું આ સંચાલનની મોટી ખામી ન કહેવાય?!

જેને જવાબ આપ્યો, "મિત્ર, આપણને અમુક જવાબદારી-કર્તવ્ય-ફરજ આપીને ઇશ્વરે અહીં તેમનું કાર્ય કરવા મોકલ્યા છે પણ આપણે એ ફરજ કર્તવ્યમાંથી છટકી 'શરીર'ને સુખ-સુવિધા મળે એમ કામચોરી અપ્રમાણિકતાથી વર્તીએ છીએ. એને પરિણામે આવી અરાજકતા-દુષ્કૃત્યો ફેલાતાં જાય છે. જો દરેક વ્યક્તિ પોતાની ફરજ-કર્તવ્યનું નિષ્ઠાથી-ઇશ્વરે આપેલાં કામને વફાદાર રહીને પાલન કરે તો અરાજકતા થાય જ નહીં. અરાજકતા આપણે જ ઊભી કરી છે.

ભગવાન તો ભગવાનનું કામ નિષ્ઠાથી જ કરે છે ને કરશે.

# અર્ધશતાબ્દી વટાવી રહેલું પાટનગર

## તંત્રી સ્થાનેથી....

ગુજરાત રાજ્યની સ્થાપના ૧મે, ૧૯૬૦ના દિવસે થઈ હતી પરંતુ તે સમયે રાજ્યનું પાટનગર ક્યાં રાખવું તે મુદ્દે ઘણો વિવાદ હતો. અમદાવાદ રાજ્યનું સૌથી મોટું શહેર અને સદીઓથી પાટનગરનો મોભો ધરાવતું હોઈ કામચલાઉ પાટનગર તરીકે એના પર પસંદગી ઊતરે તે સ્વાભાવિક હતું. એમ તો દેશના સૌથી પ્રગતિશીલ રજવાડા તરીકે ગાયકવાડની સંસ્કારનગરી વડોદરાનું નામ પણ ચર્ચાયેલું. પરંતુ આખરે ચંડીગઢની પૅટર્ન પર નવી રાજધાની સ્થાપવાનું નક્કી કરાયું, જે માટે અમદાવાદથી ઉત્તર દિશામાં સાબરમતીના કિનારે આવેલાં કેટલાંક ગામોની જમીન સંપાદિત કરી એનું ગાંધીજીની પુણ્યસ્મૃતિમાં 'ગાંધીનગર' નામ રાખવાનું નક્કી કરાયું. ગાંધીનગરની સ્થાપના નિમિત્તે મુકાયેલી પહેલી ઈંટ ૨ ઑગસ્ટ, ૧૯૬૫ના રોજ થર્મલ પાવર સ્ટેશન, સેક્ટર-૩૦ ખાતે આવેલ જીઈબી કૉલોનીના ગેસ્ટહાઉસની ઈમારતના પાયામાં પુરાયેલી છે. ગાંધીનગરવાસીઓ માટે એ જગ્યાનું ઐતિહાસિક મહત્ત્વ છે. ગાંધીનગર શહેર આજે એકાવનમા વર્ષમાં પ્રવેશી રહ્યું છે ત્યારે એના પ્રથમ પાંચ દાયકાની લીલીસૂકી વાગોળવાનું મન થાય એ સ્વાભાવિક છે. વિશ્વનાં હરિયાળાં નગરોમાં મોખરાનું સ્થાન ભોગવતું ગરવી ગુજરાતનું આ પાટનગર ક્રમશઃ ઈંટચૂનાની ઈમારતોના જંગલમાં ન ફેરવાઈ જાય એની તકેદારી રાખવાની દરેક ગુજરાતીની ફરજ છે. પ્રદૂષણમુક્ત પાટનગર તરીકે દેશભરમાં એની આગવી પ્રતિષ્ઠા છે, એના વિશાળ રાજમાર્ગો અને વિશિષ્ટ ઈમારતો ઉપરાંત અક્ષરધામ જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ધર્મપીઠ અને પ્રકૃતિ ઉદ્યાન તથા પુનિત વન જેવા પાર્ક તથા છેલ્લે છેલ્લે 'વાઈબ્રન્ટ ગુજરાત'ની ઓળખ બની ગયેલું મહાત્મા મંદિર એને પ્રવાસનધામ તરીકે પણ આગવું બહુમાન આપે છે. આ ફક્ત ગુજરાતનું રાજકીય પાટનગર જ નથી, ધીરે ધીરે એ પોતાની એક અલગ પહેચાન બનાવતું ચાલ્યું છે અને તે છે વિદ્યાનગરી તથા સંસ્કારનગરી તરીકેની પહેચાન. અહીં કેન્દ્રીય યુનિવર્સિટી ઉપરાંત કડી સર્વ વિદ્યાલય, ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી, પંડિત દીનદયાલ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટી અને ચિલ્ડ્રન યુનિવર્સિટી જેવી વિદ્યાસંસ્થાઓ છે, ઈન્ફોસિટી અને આઈઆઈટી છે, 'નિફ્ટ' છે, 'ગિફ્ટ' છે- કહો કે શું નથી? ગાંધીનગર નિવૃત્તોના નગર તરીકે અથવા રાજકારણીઓ અને સરકારી કર્મચારીઓની વસાહત મટીને સાહિત્ય અને કલાની નગરી બની રહ્યું છે. એકાવનમા વર્ષપ્રવેશે એનો આપણે અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવીએ.

# 'અગનપંખી'ની અણધારી એક્ઝીટ...!!!

પિતા જેનુલાબ્દીન ૧૦૩ વર્ષ અને માતા આસીયામ્માં ૯૩ વર્ષનું જીવન જીવેલા, મોટાભાઈ અત્યારે ૯૯ વર્ષનું આયુષ્ય ભોગવી ચુક્યા છે એવા દીર્ઘાયુષ ધરાવતા કુટુંબમાં જેની ૧૦૦ વર્ષો સુધી જીવવાની જરૂર હતી એ કલામસાબ ૮૩ જ વર્ષની ઉમરે આપણને છોડીને અચાનક ચાલી નીકળ્યા. અબુલ પાકીર જેનુલાબ્દીન અબ્દુલ કલામ ઉર્ફે એપીજે કલામ ઉર્ફે આપણા સૌના પ્યારા કલામસાબ વિષે આ વાંચતા હશો ત્યાં સુધીમાં ઘણું લખાઈ અને બોલાઈ ગયું હશે. કલામસાબ ભારતીય ઈતિહાસના પૃષ્ઠોમાં એક એવા નામે અમર થઇ ગયા છે કે જેની જીવનકથા અનેકોને આગળ પણ પ્રેરણા આપતી રહેવાની એ ચોક્કસ છે. અમુક વ્યક્તિત્વો જ કુદરતે ફુરસદમાં ઘડેલા હોય છે કે જેના આરંભથી અંત સુધીની એક એક ઘટનાઓ પ્રેરક અને દરેક કાળમાં પ્રસ્તુત જ રહેતી હોય છે.

કલામના જ સમકાલીન અને પાકિસ્તાન અણુ પ્રોગ્રામના જનક અબ્દુલ કયુમખાને કલામસાબને મળેલા આટલા આદરઅને બહુમાનોની બળતરામાં અને બળતરામાં જેમને સામાન્ય વિજ્ઞાનિક ગણાવ્યા એ કલામસાબ બિલકુલ અસામાન્ય વ્યક્તિત્વના ધની હતા એટલે તો મિસાઈલ ટેકનોલોજીને વિકસાવીને એમણે ભારતને તો વિશ્વના અણુદેશોની હરોળમાં મૂકી દીધું પણ સાથે સાથે એ વાતનો પણ પરચો આપી દીધો કે હિન્દુસ્તાન પાસે ટેલેન્ટની કમી નથી અને આ ટેલેન્ટની કમી નથી એવો અખંડ વિશ્વાસ આઈઆઈએમ શિલોંગના એ હોલની આખરી સફર સુધી એમનામાં યથાવત રહ્યો હતો.એટલે તો યુવાનો કે વિદ્યાર્થીઓને સંબોધિત કરવાનો એક પણ મોકો એ ચુકતા નહિ. એમને દેશની યુવા તાકાત પર ભરોશો હતો. ઈનફેક્ટ ઘણા કાર્યક્રમોમાં તો એ સામે ચાલીને કહેતા કે વધુમાં વધુ વિદ્યાર્થીઓ અને યુવાઓને આમંત્રણ આપજો. ૮૩ વર્ષની જૈફ ઉમરે પણ એ ખુદ હજુ યુવા જ હતા, ભલે દિલથી નહી તો દિમાગ અને વર્તનથી તો ખરા જ. પોતાના બહુમુલ્ય અનુભવોને કિતાબોમાં રજુ કરીને અનેક લોકોના પથદર્શક બનનાર કલામ સાબ એમ છતાં પણ ટવીટર પર તો પોતાને શીખાઉ જ ગણાવતા હતા. એ શીખવાડતા રહેતા અને સાથે સાથે પોતે પણ શીખતા રહેતા.




પાંચમાં ધોરણમાં શિક્ષક સુબ્રમણ્યમ ઐયરે રોપેલા ઉંચી ઉડાનનું લક્ષ્ય નિર્ધારિત કરવાની જડીબુટ્ટીનું કલામ સાબ જિંદગીભર યુવાઓમાં સિંચન કરતા રહ્યા. કલામ કેવી રીતે કલામસાબ બન્યા એની કથા તો એમના પુસ્તક વિંગ્સ ઓફ ફાયરમાં છે જ પણ કલામસાબની સાચી કથા તો એમણે અનેક યુવાનોના દિલમાં પ્રગટાવેલી કૈક કરી છૂટવાની ભાવનામાં છે. મિસાઈલોને ઉર્જા આપનારા આ ઈન્સાને અનેક યુવાનો અને દેશવાસીઓને આશાઓની, સપનાઓની અને ઉમ્મીદોની ઉર્જા મરતે દમ તક આપવાનું ચાલુ રાખેલું. અનેક વખતે એવું બનેલું કે કોઈ કાર્યક્રમ પૂરો થયા પછી કલામસાબને વીંટળાયેલા યુવાનો વચ્ચેથી એમને બહાર કાઢતા સમય લાગી જતો, ખાસ કરીને કલામસાબ રાષ્ટ્રપતિપદથી ઉતર્યા પછી. જો કે રાષ્ટ્રપતિ હતા ત્યારે પણ એમનો મુખ્ય કાર્યક્રમ તો યુવાનો અને દેશના ઘડતરમાં શું કરી શકાય એના રસ્તાઓ શોધવાનો જ રહેતો કે પછી દેશના સામાન્ય નાગરિકોને પડતી મુશ્કેલીઓ કેમ દુર કરી શકાય એના પર. કલામ સાબ વારંવાર કહેતા કે વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછવા જ જોઈએ, એ જ તો એમનો ગુણ છે. શિલોંગની આખરી સફર વખતે પણ દિલ્હીથી સાથે રહેલા સ્રીજનપાલ સિંઘને એમણે આઈઆઈએમના વિદ્યાર્થીઓને કાર્યક્રમના અંતે પૂછી શકાય એવા સવાલોની યાદી બનાવવાનું કામ સોપેલું જ.અફસોસ કે કલામસાબ એ પ્રશ્નો ક્યારેય પૂછી નાં શક્યા... હા એટલું ખરું કે એમની દિલી તમન્ના હતી એમ યુવાનો વચ્ચે, યુવાનોને કશુક શીખવાડતા શીખવાડતા એમણે આ ફાની દુનિયા છોડી દીધી... સ્રી જનપાલ સિંઘને કલામસાબે એકવાર પૂછેલું કે તને કેવી રીતે ઓળખાવું ગમશે? સ્રીજનપાલ સિંઘે વળતું જ પૂછેલું કે સર, તમને કઈ રીતે ઓળખાવું વધુ ગમશે ? રાષ્ટ્રપતિ, વૈજ્ઞાનિક, મિસાઈલમેન, લેખક..? કલામસાબે પેલાના આશ્ચર્ય વચ્ચે તરત જવાબ આપેલો... મને શિક્ષક તરીકે ઓળખાવું વધુ ગમશે '...યસ, કલામસાબ સાચ્ચે જ શિક્ષક પહેલા હતા., બાકી બધું પછી..અનેકોને ખુદ માટે કશુક અનોખું કરવાની શિક્ષા આપનારા સાચા શિક્ષક...!!!

એમના રાષ્ટ્રપતિપદના સમયગાળા વખતે સચિવ રહેલા પીએમ નાયરે એમના પુસ્તક 'ધ કલામ ઈફેક્ટર : માઈ ઈયર્સ વિથ ધ પ્રેસીડન્ટ' માં કલામના વ્યક્તિત્વની અનેક બાજુ વિષે વિસ્તારથી કહ્યું છે અને એમાં એક વસ્તુ વિષે સૌથી વિશેષ લખ્યું છે અને એ કલામસાબની સાદગી અને એમનો માનવીય વ્યવહાર... એકદમ કોમળ અને સતત દરકારપૂર્ણ...!! સાદગી એટલે... એમનું આખું કુટુંબ કે જેમાં ૫૦ થી વધુ કુટુંબીઓ સામેલ હતા એ રાષ્ટ્રપતિભવનમાં મળવા આવ્યા અને એક અઠવાડિયું રોકાયા તો કલામસાબે ૩૫૨૦૦૦નો ખર્ચ પોતાના ખિસ્સામાંથી આપેલો... નવેમ્બર ૨૦૦૨માં રાષ્ટ્રપતિ ભવનમાં હરસાલ યોજાતી ઈફતાર પાર્ટી કેન્સલ કરીને એના ખર્ચના પૈસા અનાથાલાયોમાં કલામ જ વહેચી શકે...

# મનોરંજન નહીં, મનોમંથન માટેની ફિલ્મ : 'દૃશ્યમ'






ગાંધીનગર સમાચાર જેમ નવા રૂપ-રંગમાં, નવા સ્વરૂપમાં આવ્યું છે અને ગમ્યું છે એમ મલયાલમ ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક-લેખક જીતુ જોસેફની મૂળ મલયાલમ ફિલ્મ 'દ્શ્યમ'ની હિન્દી રિ-મેઈક 'દશ્યમ' નવા સ્વરૂપમાં રિલિઝ થઈ છે. અજય દેવગણ, શ્રીયા સરણ અને તબુને લીડ રોલમાં રજૂ કરતી આ સસ્પેન્સ-થ્રીલર ફિલ્મ અત્યંત ચુસ્ત એડીટીંગ, મજબૂત સ્ક્રીન-પ્લે અને ઑફ કોર્સ અદ્ભૂત વાર્તાને કારણે પ્રેક્ષકને ખૂરશીમાં ઝકડી રાખે છે. પહેલી ફ્રેમથી લઈને છેક છેલ્લી ફ્રેમ સુધી આખી ફિલ્મ ઉત્સુકતા અને રોમાંચને અકબંધ રાખે છે. સામાન્યતઃ સસ્પેન્સ થ્રીલર પ્રિડીક્ટેબલ હોય પરન્તુ 'દશ્યમ'નું સસ્પેન્સ તો છેક છેલ્લી ફ્રેમ સુધી અનાવૃત્ત રહે છે...

હિન્દી - 'દશ્યમ' વિષે વાત કરીએ તે પહેલાં તેના મૂળ વિષે થોડું જાણીએ. વર્ષ - ૨૦૧૩માં જીતુ જોસેફે મૂળ ભૂમિકામાં મોહનલાલ-મીના અને અંશીબા હસનને લઈને 'દિશ્યમ્' બનાવી હતી. આ ફિલ્મ મલયાલમ ફિલ્મોના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની રહી. માત્ર ૨૬ દિવસમાં ૧૦,૦૦૦ શૉનો રેકોર્ડ આ ફિલ્મના નામે છે. આ ફિલ્મને રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો. મલયાલમ ફિલ્મની સફળતાથી પ્રેરાઈને 'દિશ્યમ' કન્નડ ભાષામાં 'દશ્ય'ના નામે પી.વાસુએ ફરીથી બનાવી. જેમાં વી.રવિચંદ્રન, નવ્યા નાયર અને સ્વરૂપીની મુખ્ય ભૂમિકામાં હતા. એ જ વર્ષમાં, એટલે કે ૨૦૧૪માં જ શ્રીપ્રિયાએ આ ફિલ્મ તેલુગુ ભાષામાં 'દશ્યમ'ના નામે બનાવી. જેમાં દગ્ગુબારી વૈંકટેશ, મીના અને કૃતિકા જયકુમાર હતા. આ તમામ ફિલ્મો સફળ થઈ છે. આ સફળતાથી પ્રેરાઈને આ ફિલ્મ હિન્દીમાં બનાવવાનો નિર્ણય લેવાયો. મરાઠી ફિલ્મોના સર્જનશીલ દિગ્દર્શક નિશિકાન્ત કામતે હિન્દીમાં 'દશ્યમ'નું દિગ્દર્શન કર્યું છે. હજુ આ વર્ષમાં આ ફિલ્મ તામિલ ભાષામાં પણ બની રહી છે, જેમાં કમલ હાસન, ગૌતમી અને આશા સારથ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

આપણે આ શુક્રવારે આપણા શહેરમાં રિલિઝ થયેલી હિન્દી-'દશ્યમ'ની વાત કરીએ તો મૂળ વાર્તા લેખક જીતુ જોસેફની જ મૂળ વાર્તાને બહાદુરગઢના લેખક સિકંદર માનનો સહયોગ મળ્યો છે. ઓરિજીનલ સ્ક્રીન-પ્લે પરથી જ ઉપેન્દ્ર સિંધયેએ સ્ક્રીન-પ્લે અને સંવાદો લખ્યા છે.

'દશ્યમ્'ની મૂળ વાર્તા અને સ્ક્રીન-પ્લે ખૂબજ સશક્ત છે. ગોવાના પણજીની બાજુમાં આવેલા એક નાનકડા ગામમાં અજય દેવગણ (વિજય સાળગાંવકર) કેબલ ઓપરેટર છે. અજય દેવગણ સીધી સાદી જિંદગી જીવે છે. ચાર ચોપડી ભણેલો અનાથ અજય દેવગણ મેટ્રિક પાસ ગૃહિણી પત્ની શ્રીયા સરણ (નંદિની) અને ટીન-એજર દીકરી ઈશિતા (ઈશિતા દત્તા) (અભિનેત્રી તનુશ્રી દત્તાની નાની બહેન) અને સાવ નાની બીજી દીકરી સાથે સુખચેનથી જીવે છે. એક દિવસ અજય દેવગણના સામાન્ય પરિવાર સાથે અસામાન્ય દુર્ઘટના ઘટે છે... આઈ.પી.એસ. ઓફિસર આઈ.જી. તબુ (મીરા દેશમુખ) નો દીકરો ગૂમ થઈ જાય છે અને દીકરાના મોબાઈલ ફોનનું છેલ્લું લોકેશન અજય દેવગણના ઘર પાસેનું મળે છે. પછી શરૂ થાય છે ઉંદર-બિલ્લીનો ખેલ. સ્થાનિક કરપ્ટ પોલીસ ઑફિસર કમલેશ સાવંત (ગાયતોંડે) સાથે અજય દેવગણને શરૂઆતથી જ અણબનાવ છે. ગાયતોંડે અજય દેવગણના વિરોધમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આઈ.જી. મીરા દેશમુખ-તબુ વિજય સાળગાંવકર-અજય દેવગણ અને એના પરિવાર સુધી પહોંચવાના લાખ કિમિયા કરે છે અને અજય દેવગણ શું પ્રતિક્રિયા કરે છે એની અત્યંત રસપ્રદ રજૂઆત એટલે 'દશ્યમ'.




આ ફિલ્મની વાર્તા વિષે અનાથી વધુ એક અક્ષર પણ જાણવા જેવો નથી. અન્યથા ફિલ્મ જોતી વેળાની આપની આતુરતા અને ઉત્સુકતાને ગંભીર ઠેસ પહોંચવાની સંભાવના છે. અગાઉ કહ્યું એમ ફિલ્મ એડીટર આરીફ શેખનું ચુસ્ત એડીટીંગ અને ઉપેન્દ્ર સિંધયેનો મજબૂત સ્ક્રીન-પ્લે જીતુ જોસેફની મૂળ વાર્તાના મુખ્ય હિરો છે. મરાઠી સંગીતકાર સમીર ફટારમેકરના બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને અવિનાશ અરૂણની સિનેમેટોગ્રાફી-કેમેરાવર્કે 'દશ્યમ'ને વધુ દર્શનીય બનાવી છે.

હિન્દી - 'દશ્યમ'માં અજય દેવગણની પસંદગી યથાર્થ છે. સામાન્ય-સિરિયસ લૂકમાં અજય દેવગણ ફેમિલીમેન તરીકે ફીટ બેસે છે. ફ્લેટ ચહેરો આ ભૂમિકામાં વધુ અસરકારક સાબિત થાય છે. અભિનેત્રી શ્રીયા સરણ સામાન્ય ગૃહિણીના રોલમાં અસામાન્ય સુંદર લાગે છે. 'તુજે મેરી કસમ'માં નાનકડી ભૂમિકામાં દેખાયેલી અને 'જિલ્લા ગાઝિયાબાદ' જેવી ફિલ્મમાં આઈટમ નંબરમાં દેખાયેલી મૂળ દહેરાદુની-હરિદ્વારની આ અભિનેત્રી-મોડેલ-ક્લાસીકલ ડાન્સર અને ફિલેન્થ્રોફીસ્ટ શ્રીયા સરણ 'દશ્યમ'માં નોંધનીય અને અભિનંદનીય છે. તબુ એવરગ્રીન અને સુપરહીટ છે. આઈ.જી. - મહિલા આઈ.પી.એસ. ની ભૂમિકામાં તબુ બીલકુલ ફીટ અને હીટ છે. ચહેરાના ગાંભીર્ય અને શરીરના સૌંદર્યથી તબુ આ ફિલ્મમાં અજય દેવગણને દમદાર ફાઈટ આપે છે. અલબત્ અજય દેવગણ અને તબુની આ પાત્રો માટેની પસંદગી એટલી યોગ્ય છે કે આ બન્નેને કારણે ફિલ્મમાં 'પરફેક્શન'નામનું તત્વ ઉમેરાયું છે.

ફિલ્મનો મુખ્ય આધાર દિગ્દર્શક હોય છે. મરાઠી ફિલ્મના જાણિતા દિગ્દર્શક નિશિકાન્ત કામતે મૂળ ફિલ્મનું હૂબહુ નિરૂપણ કર્યું છે. દિગ્દર્શક તરીકે નિશિકાન્ત કામતની સફળતા એ છે કે 'દશ્યમ' જોતાં ક્યાંય ન લાગે કે આ કોઈ અન્ય ભાષાની ફિલ્મની રિ-મેઈક હશે. નિશિકાન્ત કામત મરાઠી ફિલ્મ 'ડૉંબીવલી ફાસ્ટ'ને કારણે વિશેષ પ્રસિધ્ધિ પામ્યા. આ ફિલ્મને સફળતા મળી, એવોર્ડ્સ મળ્યા એટલું જ નહીં તે તમિલ ભાષામાં પણ બની. આમ નિશિકાન્ત કામત મરાઠી ઉપરાંત દક્ષિણ ભારતીય ભાષાના નિર્માતા-દિગ્દર્શકોમાં પણ જાણીતા થયા. એ નાતે મલયાલમ ફિલ્મોના દિગ્દર્શક જીતુ જોસેફની આ ફિલ્મ 'દશ્યમ્' નિશિકાન્ત કામત ને મળી. નિશિકાન્તે વર્ષ ૨૦૦૮માં 'મુંબઈ મેરી જાન' અને ૨૦૧૧માં 'ફોર્સ' જેવી બહુ ઓછી જાણીતી થયેલી હિન્દી ફિલ્મોનું પણ દિગ્દર્શન કર્યું છે. જો કે આ બન્ને ફિલ્મો પણ મૂળ પ્રાદેશિક ભાષાની ફિલ્મોની જ રિ-મેઈક હતી. નેશનલ એવોર્ડ વિજેતા દિગ્દર્શક નિશિકાન્ત કામત 'દશ્યમ' પછી હિન્દી ફિલ્મોમાં વધુ જાણીતું નામ બનશે એમાં બે-મત નથી.

'દશ્યમ' ફિલ્મ સસ્પેન્સ-થ્રીલર ફિલ્મોના શોખીનો માટે તો શુભ અવસર છે જ. પરન્તુ અર્થસભર ફિલ્મો જોતા પ્રેક્ષકોને પણ ગમશે. હા, માત્ર અને માત્ર મનોરંજનની અપેક્ષાએ ફિલ્મો જોવા જતા પ્રેક્ષકોએ આ ફિલ્મથી દૂર જ રહેવું. આ ફિલ્મમાં મનોરંજનનું તત્વ લેશમાત્ર નથી. મનોમંથન દર્શાવતી અને કરાવતી 'દશ્યમ' નાની-નાની વાતોમાં-પ્રસંગોમાં અપ-સેટ થઈ જતા અને ટેન્શનમાં આવી જતા પ્રેક્ષકોનો પરસેવો છોડાવી દેશે. એટલે આવા લોકોએ પણ આ ફિલ્મને માત્ર ફિલ્મ તરીકે જ જોવી, અન્યથા અઢી કલાક સુધી બ્લડપ્રેશર ખૂબજ હાઈ રહેવાના બધા જ ચાન્સ છે. ટૂંકમાં 'દશ્યમ્' કરોડોની ક્લબમાં સ્થાન મેળવવા નહીં પરન્તુ અર્થસભર ફિલ્મો માણતા ફિલ્મી ચાહકોના હૃદયમાં ચોક્કસ સ્થાન મેળવે એવી છે.

# કીડીખાઉં - દુર્લભ જીવ લુપ્ત થવાના ભય હેઠળ

આ પૃથ્વીના ઉદ્ભવ બાદ લાખો વર્ષોના ઉત્ક્રાંતિકાળ બાદ કેટલાક દુર્લભ જીવો પેદા થયા છે. આજે માનવો પોતાના સ્વાર્થ ખાતર તેને વિનાશના આરે પહોંચાડી રહ્યા છે.

'કીડીખાઉં'ને અંગ્રેજીમાં પેન્ગોલીન (Pangolin) અથવા સ્કેલી આંટ ઈટર (Scaly Anteaters) પણ કહે છે. તેના નામમાં જ તેના મુખ્ય લક્ષણોનું વર્ણન આવી જાય છે.

નામ પ્રમાણે કીડીઓને ખાનાર. હા... તે ઉધઇ (વ્હાઈટ આન્ટ) પણ ખાય છે. આવા જીવો ખોરાક બાબતે ખાસ જીવો કહી શકાય. કારણ કે તેમની ખોરાક-પસંદગી મર્યાદિત છે અને તે કારણે તેને વધુ ભય હેઠળની જાતિ પણ ગણી શકાય.




સ્કેલી (Scaly)નો અર્થ થાય છે 'ભીંગડાયુક્ત શરીર ધરાવતો જીવ'. હિન્દીમાં તેનું નામ 'વજ્ર કીટ' પણ છે. 'વજ્ર' જેવું શરીર અને 'કીટ'નો ખોરાક. સસ્તન પ્રાણીઓમાં આ એક અપવાદરૂપ વિશિષ્ટ જીવકહી શકાય કે જેના શરીર પર 'ભીંગડા' હોય છે જે કેરાટીન (Keratin) નામના પદાર્થમાંથી બન્યા હોય છે. સજીવ સૃષ્ટિમાં આવા ભીંગડા સાપ-મગર જેવા સરિસૃપોમાં જ હોય છે અને ભીંગડાયુક્ત શરીરને કારણે જ તેમને સરિસૃપોમાં વર્ગીકૃત કરાયા છે. અન્ય કોઈ જ સસ્તન પ્રાણીઓની જાતિ ભીંગડા ધરાવતી નથી.

'ભીંગડા' કીડીખાઉં માટે વરદાન પણ છે અને અભિશાપ પણ. સમગ્ર શરીરને વજ્ર જેવું બખ્તરયુક્ત ભીંગડાનું કવચ તેને જીવ-જંતુઓ અને વાઘ-સિંહ જેવાં પ્રાણીઓથી અભેદ્ય રક્ષણ આપે છે. ભય જણાય ત્યારે કીડીખાઉં ગોળ દડા જેવું બની જાય છે. મોં તથા પેટાળ ભાગ છુપાવી દે છે. આ સ્થિતિમાંથી ગમે તેવું શક્તિશાળી પ્રાણી પણ તેને છોડાવી શકતું નથી અને કીડીખાઉંને ભીંગડાની મદદથી રક્ષણ મળી રહે છે.



આજે કીડીખાઉંના આ જ ભીંગડા તેના મોતનું કારણ બની રહ્યા છે. પૂર્વ અને દક્ષિણ પૂર્વીય એશિયા ભાગમાં તેનાં લોહી-માંસની સાથેસાથે તેના ભીંગડાની પણ મોટી માંગ છે. સમાચાર-માધ્યમો અને સરકારના એક અંદાજ પ્રમાણે છેલ્લાં ૧૦ (દસ) વર્ષમાં ૧૦ લાખ એટલે કે પ્રતિવર્ષ ૧ લાખ જેટલા કીડીખાઉં (પેન્ગોલીન)ના શિકાર થયા છે - મરાયા છે.

એક પેન્ગોલીનમાંથી દોઢ કિલો જેટલા ભીંગડા નીકળે છે. એક માહિતી પ્રમાણે ૨૫ સીઝર (જપ્તી)ના કેસોમાં ૫૦૦૦ કિલો જેટલા ભીંગડા જપ્ત કરવામાં આવ્યા હતા. તે ગણતરી પ્રમાણે ૩૩૫૦ જેટલા પેન્ગોલીનનો શિકાર થયો હોવો જોઈએ. વર્ષ ૨૦૦૯ થી ૧૩ના પાંચ વર્ષના ગાળામાં ૩૦૦૦ જેટલા પેન્ગોલીનનો ભારતમાં શિકાર થયો હોવાનો અંદાજ છે...જાહેર થતા આ આંકડા પકડાયેલા ગુના આધારિત છે. ખરેખર તો આ આંકડો તેનાથી વધુ મોટો હોય છે.

ખાસ કરીને વિયેટનામ અને ચીન વિસ્તારમાં પેન્ગોલીનના લોહી, માંસ અને ભીંગડાની મોટી માંગ છે. વિયેટનામની કેટલીક હોટલોમાં જીવતાં પેન્ગોલીનને પાંજરામાં પૂરી રાખવામાં આવે છે અને ગ્રાહકની પસંદગીની વાનગી બનાવવા માટે તેની નજરે તેને કાપીને ઉપયોગમાં લેવામાં આવે છે. જીવતાં પેન્ગોલીનને ઊકળતા પાણીમાં બાફીને કેટલીક વાનગીઓ બનાવાય છે, તેમ તેના ભીંગડાનો સૂપ પણ બનાવવામાં આવે છે.

પેન્ગોલીન એટલે કે કીડીખાઉંના ખાવામાં ઉપયોગ ઉપરાંત તેના ભીંગડા અને તેનો પાવડર સોરાયસીસ, અસ્થમા, કેન્સર અને કામોત્તેજક દવાઓ માટે પણ વપરાય છે. આ બધી દવાઓના કોઈ વૈજ્ઞાનિક આધારો નથી, ફક્ત વર્ષોથી ચાલી આવતી માન્યતાઓ અને પરંપરાઓ જ કારણરૂપ છે.

ભીંગડામાંથી બનાવેલી વીંટી પહેરવાથી અલ્સર મટતા હોવાની પણ માન્યતા છે. પૂર્વી ભારતના પ્રદેશો કે જ્યાં ચાઈનીઝ પેન્ગોલીન જોવા મળે છે તેવા વિસ્તારોમાં આ પ્રકારની માન્યતાઓ ઉપયોગો મોટા પ્રમાણમાં થઈ રહ્યા છે. ઓરિસ્સા રાજયના વિસ્તારોમાં 'શિખર ઉત્સવ' મનાવાય છે. આ દિવસે કીડીખાઉંનું માંસ ખાવાની માન્યતા હોઈ ખાસ સમુદાય ધાર્મિક રિવાજના ભાગરૂપે મોટા પ્રમાણમાં કીડીખાઉનો શિકાર કરે છે.

વિશ્વમાં કુલ ૮ જાતિના પેન્ગોલીન જોવા મળે છે. તે પૈકી ૪ જાતિના આફ્રિકા ખંડ ભાગમાં અને ૪ જાતિના એશિયા ખંડના ભાગોમાં જોવા મળે છે. એશિયામાં ભારતીય (Indian), ચાઈનીસ (CChines) અને મલયાન (Malayan) પેન્ગોલીન વિશેષ જાણીતાં છે. 'ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (IUCN) નામની સંસ્થા દ્વારા ૬ જાતિના પેન્ગોલીન એનડેન્જર્ડ (ભયહેઠળ) અને બાકીના ૨ જાતિને ક્રીટીકલી એનડેન્જર્ડ (અતિ ભયહેઠળ)ની કક્ષામાં મૂકવામાં આવે છે. આ આપણા ભારતીય વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ કીડીખાઉં (પેન્ગોલીન)ને અનુસૂચિ-૧, ભાગ-૧માં સામેલ કરીને કડક સંરક્ષણ હેઠળ મૂકવામાં આવેલ છે. તે મુજબ 'કીડી ખાઉં'ના શિકાર કે ગુન્હા માટે ૩ થી ૭ વર્ષ સુધીની સજા અને ઓછામાં ઓછા ૧૦,૦૦૦ રૂપિયા સુધીનો કે બંને દંડ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.